ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સે-૨૧ અને ૨૨માં પ્રતિભા અડવાણીએ ડોર ટુ ડોર પ્રચાર કર્યો

ગાંધીનગર, તા.૧૮

લોકસભાની ચુંટણીમાં પ્રતિભા અડવાણીએ ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. સે-૨૧ અને ૨૨માં પ્રચાર ઝુંબેશમાં ભાજપના સ્થાનિક અગ્રણી નેતાઓ ઉપરાંત કાર્યકરો પણ જોડાયા હતા.

## સે-૨૨માં બિલ્ડરો, વેપારીઓ અને સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓએ સ્વાગત કર્યુ

ગાંધીનગર લોકસભાની બેઠકના ઉમેદવાર લાલકૃષ્ણ



ગાંધીનગર સંસદીય મતવિસ્તારના ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા તેમના પુત્રી પ્રચાર અર્થે નીકળેલા પ્રતિભા અડવાણીનું વેપારીઓ તેમજ અગ્રણીઓએ સ્વાગત કર્યુ હતું. આ અડવાણીને ચૂંટણીમાં જવલંત વિજય અપાવવા ભાજપના નેતાઓ અને કાર્યકરોએ પ્રચાર ઝુંબેશ તેજ

# પ્રતિભા અડવાણીની હાજરીમાં જ ભાજપના બે હોદ્દેદારો વચ્ચે ચકમક...

## સે-૨૨માં પ્રચાર ઝુંબેશ દરમિયાન મહિલા સદસ્ય અને શહેરના ભાજપના નેતા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ

ગાંધીનગર, તા.૧૮

પ્રતિભા અડવાણીની પ્રચાર ઝુંબેશ દરમિયાન આજે ભાજપના હોદ્દેદારો વચ્ચે ચકમક ઝરી હતી. શહેર ભાજપના હોદ્દેદારને મહીલા સદસ્યએ પદ પરથી ઉતારી દેવા સુધીની ગરમી બતાવી દેતા વિવાદ ભડકયો હતો. ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીની પ્રચાર ઝુંબેશમાં પક્ષના હોદ્દેદારો વચ્ચે સરાજાહેર ઉગ્ર બોલાચાલી થતા આખરે વરિષ્ઠ નેતાઓએ દરમિયાનગીરી કરવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગર લોકસભાની બેઠકના ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા આજે સે-૨૧ અને ૨૨માં પ્રતિભા અડવાણીએ ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ હાથ ધરી હતી સે-૨૨માં અગ્રણી બિલ્ડરના નિવાસ ધ્યાને બિલ્ડરો, વેપારીઓ તેમજ આગેવાનોએ પ્રતિભા અડવાણીનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન મીડીયા સાથેની વાતચીત વેળાએ પ્રતિભા અડવાણીની બાજુમાં બેઠેલા ભાજપના એક મહિલા સદસ્યને પ્રક્ષના જ હોદ્દેદારે દૂર ખસી જવા જણાવ્યું હતું. જેના લીધે ઉશ્કેરાયેલા મહીલા સદસ્યએ આવી રીતે કેમ વાત કરો છો તેવો આક્રોશ વ્યકત કરી શહેરના ભાજપના નેતાને અડધા કલાકમાં રાજીનામું લેવડાવી દેવા સુધીની ગરમી બતાવી દીધી હતી! પ્રતિભા અડવાણીની હાજરીમાં જ આ ઉગ્ર બોલાચાલી થતા આ મામલે ઉપસ્થિત પક્ષના સિનિયર નેતાઓએ દરમિયાનગીરી કરી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. દિવસ દરમિયાન ભાજપના કાર્યકરોમાં પણ આ મુદ્દો ચર્ચામાં રહ્યો હતો.

# ગાંધીનગરના ડૉ. હિતેશ બ્રહ્મભટ્ટને કેન્દ્ર સરકારનો સ્વાસ્થ્ય સુરક્ષા એવૉર્ડ




ગાંધીનગર, તા.૧૮

ભારત સરકાર ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧૧ અ-િલ ના રોજ સલામત માતૃત્વ દિવસ ની ઉજવણી નિમિતે ન્યુ દિલ્હી ઈન્ડિયા હેબીટેટ સેન્ટર ખાતે એક સમારોહ નું આયોજન કરવામાં આવ્યુ હતું.દેશના અલગ અલગ રાજયો માંથી આ ક્ષેત્રે વિશિષ્ટ અને -સંશનીય કામગીરી બજાવનાર આરોગ્ય વિભાગ ના અધિકારી કર્મચારીઓ ને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સમારંભ માં ગુજરાત રાજય માંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ના એનેસ્થેટીટ અને જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ ના મદદનીશ -ધ્યાપક ડો.હિતેશ.એચ.બ્રહ્મભટ્ટની પસંદગી થવા પામી હતી. તેમનું સન્માન ભારત સરકાર આયોજન પંચ ના વરિષ્ઠ સભ્ય ડો.સઈદા હમીદના વરદ હસ્તે -તિષ્ઠીત રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા પુરસ્કાર 'બેસ્ટ પરફોર્મિંગ નેશનલ ટ્રેનર ફોર લાઈફ સેવિંગ એનેસ્થેટીક સ્કીલ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# અભિનેત્રી અમિષાના ગાંધીનગર વિસ્તારમાં રોડ-શો યોજાશે

## ૨૪મીએ સોનિયા ગાંધી પણ પ્રચાર માટે આવશે : અર્જુન મોઢવાડીયા તથા સિદ્ધાર્થ પટેલ પણ આજે ચૂંટણી પ્રચાર સભા તથા મીટીંગોમાં વ્યસ્ત : કોંગ્રેસ પણ લડાયક

અમદાવાદ, તા.૧૮

કોંગ્રેસપક્ષના લોકસભાના ઉમેદવારના પ્રચાર પ્રસાર માટે કોંગ્રેસપક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી તા. ૨૪મી એપ્રિલ ગુરૂવારે ઉત્તર ગુજરાતના ખેરાલુ અને દક્ષિણ ગુજરાતના વલસાડ ખાતે જાહેરસભાને સંબોધન કરશે. સોનિયા ગાંધી ગુરૂવારે સવારે ૧૧:૦૦ કલાકે ઉત્તર ગુજરાતના ખેરાલુ ખાતે જાહેરસભાને સંબોધન કરશે ત્યારબાદ દક્ષિણ ગુજરાતના વલસાડ ખાતે બપોરે ૨:૦૦ કલાકે જાહેરસભાને સંબોધન કરશે. કોંગ્રેસ પક્ષના લોકસભાના ઉમેદવાર માટે અભિનેત્રી અમિષા પટેલ શનિવારે સવારે ૯:૩૦ થી બપોરે ૧૨:૦૦ કલાક ગાંધીનગર લોકસભા વિસ્તારમાં રોડ-શો યોજશે. આ ઉપરાંત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા આવતીકાલે શનિવારે સાત સ્થળોએ મીટીંગ કરશે જેમાં સવારે ૯:૦૦ કલાકે કુતિયાણા ખાતે, ૧૦:૧૫ કલાકે મહિયારી ખાતે, ૧૧:૩૦ કલાકે માંગરોળ ખાતે, ૨:૦૦ કલાકે નટવરનગર ખાતે, સાંજે ૪:૦૦ કલાકે બગવદર ખાતે, ૬:૦૦ કલાકે રાણાવાવ ખાતે, રાત્રે ૮:૩૦ કલાકે દેવજીચોક છાયા ખાતે મીટીંગો કરશે

# કૌભાંડી દિનેશને કેનેડા રહેતો તેનો જ સાગરિત ચૂનો લગાવી ગયો

## કાયમી વિઝાના બહાને કરોડોનું ચીટીંગ કરનાર મુખ્ય સુત્રધાર આઠ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સે.૧૬ ખાતે આવેલી ઓમ ઈમિગ્રેશનના માલિક સહીત કર્મચારીઓ એ મળીને ગાંધીનગર તથા આસપાસના લોકોને કેનેડા ના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યુ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર તપાસ એલ.સી.બી ને સોંપાયા બાદ ઓમ ઈમિગ્રેશનના કૌભાંડી સંચાલક દિનેશ પટેલની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી આરોપીને કોર્ટમાં રજુ કરતા ૮ દિવસના રિમાન્ડ મંજુર થયા છે. કેનેડા રહેતો તેનો ગુજરાતી સાગરીત જ દિનેશનું કરોડોનું કરી ગયો હોવાની કેફિયત આરોપી આપી રહ્યો છે.જેને આધારે કૌભાંડ ની ઝીણવટભરી તપાસ શરુ કરવામાં આવી છે.

શહેરના સેકટર-૧૬માં આવેલી ઓમ ઈમિગ્રેશન ની ઓફીસમાં બેસતા માલિક દિનેશ મણીભાઈ પટેલ તથા તેમાં કામ કરતા માણસો મળીને છ જણા એ કેનેડા ના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કેટલાય લોકોને લાખો રૂપિયામાં સુવડાવી દઈ કરોડોનું કૌભાંડ આચર્યુ હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.કૌભાંડ બહાર પડતા અન્ય ભોગ બનનાર વ્યક્તિઓએ પણ સે.૨૧ પોલીસ નો સંપર્ક સાધ્યો હતો.સમગ્ર કૌભાંડ ની તપાસ ચલાવતી સે.૨૧ પોલીસ ધીમી ગતિએ તપાસ કરતી હતી જેને પગલે એલ.સી.બી ને તપાસ

● અનુસંધાન પાન-૭ પર

# પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓ વેકેશનની મજા લેવા ઉત્સુક

## મોટા ભાગની શાળાઓમાં વાર્ષિક પરીક્ષા પૂર્ણ વાલીઓએ પણ 'લેટ ધેમ પ્લે'નો કન્સેપ્ટ અપનાવ્યો

ગાંધીનગર, તા.૧૮

બોર્ડ પરીક્ષા બાદ જિલ્લાની મોટા ભાગની શાળાઓમાં વાર્ષિક પરીક્ષા પૂર્ણ થતા વિદ્યાર્થીઓ વેકેશન માણવા ઉત્સુક બન્યા છે. ગઈકાલે મહત્તમ શાળાઓમાં પરીક્ષાની કાર્યવાહી પૂરી થઈ ગઈ હોવાથી સ્ટુડન્ટસની સાથે વાલીઓ પણ 'લેટ ધેમ પ્લે'ના મુડમાં આવી ગયા છે. શહેરના જનજીવનમાં પણ ઉનાળુ વેકેશનની અસર વર્તાઈ રહી છે. શહેરમાં પણ રાત્રિની રોનક વિશેષ જોવા મળી રહી છે.

માર્ચ અને એપ્રિલ મહીનામાં પરીક્ષાની મૌસમના લીધે વિદ્યાર્થી આલમમાં અનોખી અદબ જોવા મળે છે. ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા ગત મહીનામાં પૂર્ણ થયા બાદ ધો-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા લેવાઈ હતી જયારે એપ્રિલના પ્રારંભિક તબક્કામાં અન્ય પ્રાથમિક અને માધ્યમિક ધોરણોમાં પણ પરીક્ષાનો તબક્કો પૂરો થઈ ગયો છે. જિલ્લાની મોટા ભાગની શાળાઓમાં વાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ ગઈ હોવાથી વિદ્યાર્થીઓને છુટ્ટી મળી ગઈ છે. વેકેશનના ગોલ્ડન ટાઈમમાં

● અનુસંધાન પાન-૭ પર

# જે કામ એક સાંસદે કરવું જોઈએ તે કામ શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓએ કર્યુ

## એન.ડી.એ.ની સરકારમાં નાયબ વડાપ્રધાન હોવા છતા શહેરને રેલવેની સુવિધાથી દૂર રાખ્યા

**ઈલેકશન લાઈવ**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર બેઠક પરથી છેલ્લા ૩૦ વર્ષથી ચૂંટાતા સાંસદ એલ.કે. અડવાણી શહેરને પ્રાથમિક સુવિધાઓ અપાવવામાં નિષ્ફળ નિવડયા છે. રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરતા ત્રાગા કરવા અડવાણી સામે શહેરના યુવાધનમાં ભારો ભાર રોષ જોવા મળે છે.

લોકસભાની ગાંધીનગર બેઠક પર ભાજપનું પ્રભુત્વ રહેલું છે. છેલ્લા ૩૦ વર્ષથી બેઠક પર દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણી ચૂંટાતા આવ્યા છે ત્યારે આ વખતે અડવાણીને શહેરના મતદારો બરાબર પાઠ ભણવવાના મૂડમાં લાગી રહ્યા છે. ગાંધીનગર સમાચારની ઈલેકશન લાઈવ ટીમ દ્વારા નગરના મતદારોનો મુડ પારખવાનો પ્રયત્ન કરાયો હતો.



આ લોકસભાની ચૂંટણીથી પોતાની કારકિર્દીનું પ્રથમ મતદાન કરવા જઈ રહેલા નિસર્ગ બૂચ જેઓ બીસીએના સ્ટુડન્ટ છે તેઓ વર્તમાન સાંસદથી બિલકુલ નાખુશ છે. તેમણે જણાવ્યું હતું કે સાંસદ એ પ્રજાનો સેવક હોવો જોઈએ. એક પ્રતિનિધિ તરીકે બસ સ્ટેન્ડ કે બાંકડા મુકવાનું અને તેના પર નામ લખાવાનું તેમનું કામ નથી પરંતુ પ્રજાના પ્રાણ પ્રશ્નોને સાંભળી નિરાકરણ લાવવાનું છે. શહેરમાં બી.પી.એલ. લાભાર્થીની સમસ્યાઓ, ઝૂંપડપટ્ટીની સમસ્યાઓ જૈસે થે પરિસ્થિતિમાં જ છે.

નગરના ૯૮ ટકા લોકોએ અડવાણીને જોયા નથી અને જોયા છે તો ટીવી પર તેમણે તો મતદારોને પણ જણાવ્યું છે કે પ્રજાને સાચા સેવકની જરૂર છે. મતદારોએ પક્ષને જોઈને નહિ પણ ઉમેદવાર જોઈને મત આપવો જોઈએ. એનડીએની સરકારમાં નાયબ વડાપ્રધાન હોવા છતાં તેમણે શહેરને રેલવેની સુવિધાઓથી વંચિત રાખ્યું છે. અને તે કામ શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે.

આલાપ ત્રિવેદી, બીબીએ સ્ટુડન્ટે જણાવ્યું હતું કે હું તો ફકત સ્થાનિક ઉમેદવારને પ્રાથમિકતા આપીશ. સ્થાનિક ઉમેદવાર પોતાના મત વિસ્તારના પ્રાણ પ્રશ્નોથી વાકેફ હોય છે તેમજ મતદારો સાથે સીધો સંપર્ક હોય છે. મતદારોને ઓળખતા હોવાથી સમસ્યાઓનું નિરારણ ઝડપથી આવે છે. તેમણે વધી રહેલ બેરોજગારીની પણ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ગરમીના પ્રકોપમાં વધારો

## ગાંધીનગર - અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી નોંધાઈ ગયું

અમદાવાદ, તા.૧૮

રાજસ્થાન ઉપર સર્જાયેલા પશ્ચિમી ડિસ્ટર્બન્સના પરિણામ સ્વરુપે એક બાજુ ઉત્તરપ્રદેશમાં પ્રચંડ વાવાઝોડા અને આંધીના કારણે ૨૭થી વધુ લોકોના મોત થઈ ચુકયા છે ત્યારે ગુજરાતમાં પણ ગરમીનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું હતું. તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. મહત્તમ તાપમાનમાં ઉથલપાથલ હોવા છતાં લોકો વધારે ગરમીનો અનુભવ કરી રહ્યા છે. બપોરમાં હવે લોકો ખુબ ઓછા દેખાઈ રહ્યા છે. માત્ર જરૂરી કામ માટે બહાર જનાર લોકો જ નજરે પડે છે. મોટાભાગના લોકો બપોરના ગાળામાં નિકળવાનું ટાળી રહ્યા છે. રસ્તાઓ ઉપર પણ વધુ લોકો દેખાતા નથી. બીજી બાજુ હાલમાં સાવચેતીના પગલા પણ લેવાઈ રહ્યા છે. પ્રદૂષિત પાણી અને રોગચાળાની ફરિયાદો પણ ઉઠી છે. હવામાન વિભાગે અમદાવાદ માટેની આગાહીમાં જણાવ્યું છે કે, મહત્તમ તાપમાન આવતીકાલે ૩૯ ડિગ્રીની આસપાસ રહી શકે છે. જ્યારે આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી નોંધાયું હતું. ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી નોંધાયું હતું. આજે રાજયમાં સૌથી વધુ મહત્તમ તાપમાન૩૯.૩ ડિગ્રી રહ્યું હતું જે સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. ગઈકાલની સરખામણીમાં તાપમાન ઘટ્યું હોવા છતાં તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. મોતીભાઈ ગેબાભાઈ દેસાઈ**

(પૂર્વ પ્રમુખ, ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ)

સ્વ. તા. ૧૨/૪/૨૦૧૪ (ચક્ષુદાતા)

આત્માને જન્મ નથી, મરણ નથી, તે અજન્મા, સનાતન, ચિરસ્થાયી અને પુરાતન છે. ભગવાન શ્રકૃષ્ણની એ ગીતા વાણી જાણવા છતાં સ્વ. મોતીભાઈની દૈહિક વિદાય શિક્ષક આલમનાં કાળજાં કંપાવી ગઈ ! પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે તેવી ગુજરાતના લાખો શિક્ષકો વતી શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ...

ૐ... શાંતિ... શાંતિ... શાંતિ...

| બળદેવભાઈ ચૌધરી | ચંદુલાલ જોષી |
|---|---|
| મહામંત્રી | પ્રમુખ |

**ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ**

**તમામ હોદ્દેદારો તથા શિક્ષક જ્યોત પરિવાર**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

## પ્રાણ પ્રિય પ્રશાંતને...

છઠ્ઠી વાર્ષિક સ્મૃતિએ...

**પુષ્પાંજલિ...**



**ડો. પ્રશાંત બ્રિજેશ મેરજા**

જન્મ તા. ૨/૫/૮૫થી

સદાકાળ

અકસ્માતે એક અનોખુ વ્યક્તિત્વ રહેસાય ગયું. મધ્યાને પૃથ્વી પર જાણે ઘોર અંધારૂ છવાય ગયું.

: પળેપળ પ્રશાંતના સંભારણાને વાગોળતા :

| | |
|---|---|
| પાયલ, જય, ચાર્મી | રિન્કુ સજ્ઞી મેરજા |
| ભાવના સુરેશ સરડવા | રેખા રમેશ મેરજા |
| સુશીલા બ્રિજેશ મેરજા | વજીબા અમરશી મેરજા |

ધી કેપીટલ વિલા, ૩૫૩, સેક્ટર નં.૮, ગાંધીનગર




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT

Turning Dreams into Concrete Reality

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com